शब्द–ब्रह्म
भारतीय भाषाओं की अंतर्राष्ट्रीय मासिक शोध पत्रिका
ISSN 2320 – 0871
17 नवम्बर 2013

# ગુજરાતમાં થયેલ સ્વાતંત્ર્ય સંગ્રામની પ્રવૃત્તિમાં સરદાર પટેલની ભૂમિકા

ડો.રાજેન્દ્ર આર. જોષી
આસિસ્ટન્ટ પ્રોફેસર
મ.દે.ગ્રામ સેવા મહાવિદ્યાલય ,સાદરા.
ગૂજરાત વિદ્યાપીઠ,અમદાવાદ.

સારાંશ

આમ, ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામ દરમ્યાન ગુજરાતમાં ઘણી પ્રવૃત્તિઓ થઇ. તેમાં સરદાર પટેલે ખૂબ અગત્યનું યોગદાન આપ્યું હતું. ખેડા સત્યાગ્રહથી માંડીને દેશી રાજ્યોના વિલિનીકરણ ની પ્રક્રિયા સુધી સરદાર પટેલે પોતાનો અમૂલ્ય વિચારશક્તિ દ્વારા જે પગલું ભરીને ભારતસંઘ સાથે જોડાવાનો પ્રયત્ન કર્યો. ગુજરાતના વિકાસમાં પણ સરદાર વલ્લભભાઇ પટેલનો ફાળો મહત્વપૂર્ણ રહ્યો છે. રાષ્ટ્રવિધાતા સરદાર વલ્લભભાઇ પટેલે ભારત દેશને સંગઠિત કરવામાં પણ મહત્વનો ફાળો આપ્યો છે./

પ્રસ્તાવના –

ભારત દેશના સ્વાતંત્ર્ય સંગ્રામના ઇતિહાસમાં ગુજરાતનું પ્રદાન અમૂલ્ય રહ્યું છે. ભારતમાં ઊભી થયેલી સામાજિક, ધાર્મિક અને રાષ્ટ્રીય જાગૃતિ ગુજરાતમાં પણ વત્તેઓછે અંશે આવી હતી. ગાંધીયુગ દરમ્યાન સ્વાતંત્ર્ય સંગ્રામ માટે થયેલ ગુજરાતમાં પ્રવૃત્તિ તેમાં સરદાર પટેલે એક વિશિષ્ટ ભૂમિકા ભજવી હતી. ગાંધીજી જ્યારે દક્ષિણ આફ્રિકામાંથી ભારતમાં આવ્યા પછી રાજકીય લડતોમાં ગાંધીજી અને સરદાર પટેલના માર્ગદર્શન હેઠળ ગુજરાતે મહત્વનો ભાગ ભજવ્યો હતો. આ સ્વાતંત્ર્ય સંગ્રામની લડતમાં ગુજરાતે અને તેના રાષ્ટ્રવાદી રાષ્ટ્રીય પુરુષોએ વિશિષ્ટ પ્રદાન કર્યું હતું. જેમાં માત્ર ધનિકો અને બુદ્ધિજીવીઓ જ નહી, પરંતુ ખેડૂતો, દલિતો, આદિવાસીઓ, વિદ્યાર્થીઓ, ઔદ્યોગિક કામદારો એમ ગુજરાતની સમગ્ર જનતાએ સંગઠીત થઇને શોષણખોર બ્રિટિશ સામ્રાજ્ય સામે અહિંસક રીતે લડતો ઉપાડી હતી. રાજકીય, સામાજિક, આર્થિક, સાંસ્કૃતિક, ધાર્મિક, શૈક્ષણિક વગેરે ક્ષેત્રોમાં ધરમૂળથી પરિવર્તન આવ્યું. આ પરિવર્તનમાં ગાંધીજી સાથે જોડાયેલા સત્યનિષ્ઠ કાર્યકરોમાં સરદાર પટેલ અગ્રેસર ગણી શકાય. સરદાર પટેલના જીવનકાર્યની મુલવણીમાં ઘણું કરીને એમણે ભારતના વિવિધ

પ્રકારના રાજ્યો, નાની-મોટી કક્ષાની ઠકરાતો, જાગીરોનું જોડાણ અને એકીકરણ કરવાના ભગીરથ કાર્યને વિશેષ અનુલક્ષીને કરવામાં આવે છે. સરદારશ્રીએ મુખ્યત્વે વાસ્તવદર્શી પુરુષ હતા. સરદારે 1920 થી માંડીને 1929 સુધી ગુજરાતની કાયાપલટ કરવા જે ભગીરથ પ્રયત્ન આદર્યો હતો. તેનો ભારતના સ્વાતંત્ર્ય ઇતિહાસમાં જોટો જડે તેમ નથી. સરદાર પટેલ 1915માં ગુજરાત સભાના સભ્ય બની જાહેર જીવનમાં પ્રવેશ કર્યો.

ગુજરાતમાં થયેલ સ્વાતંત્ર્ય સંગ્રામની પ્રવૃત્તિમાં સરદાર પટેલની ભૂમિકા – ખેડા સત્યાગ્રહ – ગુજરાતના કિસાનની સાંસ્થાનિક રાજ્ય સામેની લડત તથા રાષ્ટ્રીય ચળવળના ઇતિહાસમાં ખેડા સત્યાગ્રહ મહત્વની ઘટના ગણાય છે.i ઇ.સ. 1917માં ગુજરાતના ગામોમાં દુષ્કાળ પડ્યો. ગુજરાત સભાએ રાહત કાર્ય ઉપાડ્યું. તેમાં વલ્લભભાઇએ સક્રિય ભાગ ભજવ્યો. તેમના વતન ખેડા જિલ્લાના ખેડૂતોને કારણે વલ્લભભાઇ પર શારીરિક અને માનસિક બોજો આવી પડ્યો. ઇ.સ. 1915માં ખેડામાં બહુ થોડો વરસાદ પડ્યો અને ખરીફની ફસલ નિષ્ફળ ગઇ હતી. સન 1916માં મોસમ થોડી સારી હતી. ઇ.સ. 1917માં વરસાદ ખૂબ પડ્યો અને મનસ્વી રીતે પડ્યો. પહેલા થોડી જગ્યાએ પુર આવ્યા. ઓક્ટોબર મહિનામાં તડકો જામ્યો. તેથી ખેડૂતોએ ચોમાસુ વીતી જવાની ધારણા બાંધી. પણ દશકાની સ્થિરતા પછી એકાએક મજૂરીના દરમાં વધારો થયો.તેથી ખેડાના ખેડૂતોએ પોતાનો પાક લણવા માટે ઊંચા દરે મજૂરી ચૂકવવી પડી હતી. પહેલા વિશ્વયુદ્ધને કારણે કેરોસીન, લોખંડનો સામાન, કાપડ, મીઠા જેવી અન્ય ચીજોના ભાવોમાં પણ વધારો થયો હતો. પોતાના ઘરના લોકો માટે ખોરાક ખરીદવા માટે નાણાં મેળવવા લોકો મથામણ કરી રહ્યા હતા. ખેડૂતોએ ડિસેમ્બરમાં ચૂકવવાના મહેસૂલમાં રાહત માગી. પણ ચારે તરફ લીલોતરી છવાયેલી જોઇને છેતરાયેલા સરકારી અમલદારોએ આ અરજી પર કશું ધ્યાન આપ્યું નહી.ii ખેડા જિલ્લાના કઠલાલ ગામના મોહનલાલ પંડ્યા, શંકરલાલ પરીખ વગેરે આગેવાનોએ જિલ્લાના વિવિધ ગામના ખેડૂતો પાસે મહેસૂલ મૂલતવી રાખવા અરજી કરાવી. ચંપારણમાં સફળ સત્યાગ્રહ કરીને પાછા ફર્યા બાદ ગાંધીજીએ વલ્લભભાઇ પટેલને સાથે રાખીને ખેડા સત્યાગ્રહની આગેવાની લીધી. ઇ.સ. 1917માં ગાંધીજીને ગુજરાત સભાના પ્રમુખ નીમવામાં આવ્યા હતા. એપ્રિલ, 1918ના વલ્લભભાઇ ગાંધીજી સાથે ખેડાના ગામડાઓમાં પુરી લગનથી ખેડૂતોમાં જાગૃતિ માટે ઘુમતા રહ્યા અને ખેડૂતોને મહેસૂલ સત્યાગ્રહનો સંદેશો આપ્યો. ખેડૂતોમાં ઉત્સાહ અને જાગૃતિ આવી અને તેઓ

शब्द–ब्रह्म
भारतीय भाषाओं की अंतर्राष्ट्रीय मासिक शोध पत्रिका
ISSN 2320 – 0871
17 नवम्बर 2013

સરકાર સામે લડત લડી લેવા તૈયાર બની ગયા. iii 22મી માર્ચ 1918ના રોજ સાંજના છ કલાકે બધા ખેડૂતોની એક સભા નડિયાદ મુકામે ભરવાનું નક્કી કર્યું. નડિયાદ અનાથાશ્રમમાં ગાંધીજીનો મુકામ રાખવામાં આવ્યો હતો. સંતરામ મંદિર ધર્મયુદ્ધની છાવણી બની ગયું હતું. આ સત્યાગ્રહના કાર્યકરોમાં મોહનલાલ પંડ્યા, શંકરલાલ પરીખ ખેડા જિલ્લાના આગેવાનો ઉપરાંત ગાંધીજી સાથે અમદાવાદથી વલ્લભભાઇ પટેલ, શંકરલાલ બેન્કર, અનસૂયા બેન, ઇન્દુલાલ યાજ્ઞિક વગેરે હતા.iv આ સત્યાગ્રહમાં સરદાર પટેલ ખેડા જિલ્લાના ગામેગામ ફર્યા અને ખેડાની લડત પૂરી થઇ ત્યાં સુધી સાથે રહ્યા એ દિવસોમાં ગાંધીજીએ સૌ સત્યાગ્રહીઓને તાલીમ આપવાની શરૂ કરી હતી. રોજ 20 થી 24 માઇલ ચાલવું. ગાંધીજી માટે સામાન્ય બાબત હતી. ચાલવામાં સરદાર ચાર-પાંચ માઇલ સાથ આપતા. આ સત્યાગ્રહ વખતે સરદાર પટેલના પોશાકમાં ફેરફાર થયો. કોટ, પાટલુન અને હેટની જગ્યાએ ધોતિયું, ખમીસ અને તેની ઉપર હાફકોટ અને માથે ટર્કિશ ઘાટની ટોપી જે બેંગ્લોરી ટોપી કહેવાતી. તે પહેરતા.ખેડાના સત્યાગ્રહથી ગાંધીજીએ વલ્લભભાઇનું ઝવેર પારખી લીધું. ગાંધીજીએ સત્યાગ્રહ માટે કિસાનોને સંગઠિત કર્યા અને મહેસૂલ ભરવાનો ઇન્કાર કર્યો અને ગમે તે પરિણામ ભોગવવા તૈયાર થઇ ગયા. મહેસૂલ ભરી શકે એવી હાલતમાં હતા, એવા કિસાનોએ પણ બળજબરી અને જપ્તીથી બધીએ ધમકીઓ છતાં સિદ્ધાંત તરીકે તે ભરવાની ના પાડી.v છેવટે સરકારને નમતું આપવાની અને કિસાનો સાથે સમાધાન કરવાની ફરજ પડી. આ ચળવળ દરમ્યાન ધમધોકાર કમાણી કરનારા કડક મિજાજના બેરિસ્ટર સરદાર વલ્લભભાઇ પટેલ ખેડા જિલ્લાના સત્યાગ્રહની સફળતાથી એટલા પ્રભાવિત થઇ ગયા કે તેઓ ગાંધીજીના ખૂબ આગળ પડતા શક્તિશાળી અનુયાયીઓમાંના એક બની ગયા.vi ભારતમાં સત્યાગ્રહની પદ્ધતિને અમલમાં મૂકતી જે ખેડા સત્યાગ્રહ થયો તેની સફળતા ગુજરાત અને ભારતના ખેડૂતોમાં મળેલી જાગૃતિ હતી અને દેશને વલ્લભભાઇ જેવા નેતા પણ મળ્યા.

બોરસદ સત્યાગ્રહ –

ખેડા સત્યાગ્રહ પછી વલ્લભભાઇને સ્વદેશી શાસકો સાથે લડવાના શસ્ત્રનું રહસ્ય મળી ગયું. અને ગાંધીજીના અહિંસાત્મક સત્યાગ્રહ માટે લોકોને તૈયાર કરવાનો કસબ પણ તેમને અહીંથી જ પ્રાપ્ત થયો. 1923-24માં બોરસદ સત્યાગ્રહ આવ્યો. આ સત્યાગ્રહમાં વલ્લભભાઇ એક મહિના સુધી બોરસદ તાલુકાના ગામડાઓમાં ફરતા રહ્યા અને જાગૃતિ ફેલાવતા રહ્યા. બોરસદ તાલુકામાં બહારવટીયાઓનો ત્રાસ ખૂબ વધી ગયો હતો. બહારવટિયાઓ અંધારામાં લૂંટતા તો બ્રિટીશ

સરકાર ખુલ્લેઆમ લૂંટ ચલાવતી. ખેડા જિલ્લાના બોરસદ તાલુકામાં બહારવટિયાઓનો ત્રાસ વધી ગયો છે અને તેમને પકડવા માટે વધારાની પોલીસ મુકવાની જરૂરત ઊભી થઇ. આથી સરકારે તે માટેનો ખર્ચ બારોબાર સ્થાનિક પ્રજાના માથે નાખી દીધો. દંડ અંગેની ફરિયાદ સરકારે કરી હતી. 20 ઓક્ટોબર 1923ના રોજ મળેલી ગુજરાતી પ્રાંતિક સમિતિની બેઠકમાં સ્થળ ઉપર જાતે જઇ તપાસ કરી. રીપોર્ટ આપવા મોહનલાલ કામેશ્વર પંડ્યા અને રવિશંકર મહારાજને મોકલવાનો નિર્ણય કર્યો.vii વલ્લભભાઇએ સત્યાગ્રહ શરૂ કરાવ્યો. સરકારે સત્યાગ્રહ તોડવા કમર કસી. દંડની અવેજીમાં લોકોની મિલકત અને ઢોરઢાંખર જપ્તીમાં લેવાની સત્તા સરકારે પોતાના અધિકારીઓને આપી. આ લડત પાંચ અઠવાડિયા સુધી ચાલી. વલ્લભભાઇની જેહાદને લીધે બહારવટિયા અલિયાની ધરપકડ કરવામાં આવી. ડિસેમ્બર 1923ના અંતમાં કલેક્ટર કૃપાલાણીએ અધિકારીઓને વેરો ઉઘરાવવાનો આદેશ આપ્યો. અને વેરો પાછો ખેંચી લેવાની સુચના ઉપરી અધિકારીઓને મોકલી આપી. 1924 ની 12મી જાન્યુઆરીએ લડતની સમાપ્તિ થઇ. એ પ્રસંગે વીસ હજાર માણસોની જંગી સભા થઇ. વલ્લભભાઇએ પત્રિકા બહાર પાડી તેમાં જણાવ્યું કે સત્ય, અહિંસા અને તપનો ફરીથી વિજય થયો છે. આ વિજય આપણી લડત જેટલી ન્યાયની હતી તેટલી જ ત્વરાથી થયો છે.viii આમ, બોરસદ સત્યાગ્રહમાં વલ્લભભાઇ એક કુશળ સેનાપતિ તરીકે ખેડૂતોમાં નવા પ્રાણ અને નવીચેતનાનું સિંચન કર્યું.

બારડોલી સત્યાગ્રહ –

ગુજરાતમાં સુરત જિલ્લામાં બારડોલી નામનો એક તાલુકો છે તેની જનસંખ્યા લગભગ 90 હજાર હતી. આંદોલનના આરંભમાં ગુજરાતનતું ભ્રમણ કરતા ગાંધીજીએ અનુભવ થયો કે બારડોલી સત્યાગ્રહના પરીક્ષણ માટે સૌથી યોગ્ય સ્થાન છે. કારણ ત્યાંના નિવાસીઓ સમજદાર અને જાણકાર હતા. તેની મદદમાં મુખ્ય નાયકશ્રી વલ્લભભાઇ પટેલને નીમ્યા. 1927માં જાન્યુઆરી માસમાં ખેડૂતોની વિરાટ સભા થઇ. 1928માં મહેસૂલના અન્યાયી વધારાની બાબત પર સત્યાગ્રહ કરવામાં આવ્યો. ફેબ્રુઆરી 1928માં અંતિમ નિર્ણય માટે કિસાનો ભેગા થયા. તેમાં ઘણા નેતાઓ હતા. કાઉન્સિલના સભ્યોએ ખેડૂતોને કહ્યું અમે લોકોએ બાજી હારી ગયા છીએ. હવે તો વલ્લભભાઇ જેવા નેતા બાજી જીતાડી શકે તેમ છે.ix બારડોલીના આગેવાનોએ લડતની જવાબદારી વલ્લભભાઇ પટેલને સોંપી અને ગાંધીજીની રાહબરી હેઠળ વલ્લભભાઇ પટેલે આ લડતને આગળ ધપાવી. માટીમાંથી મરદ બનાવ્યા. સરદારે આ લડતમાં પુરુષોની સાથે સ્ત્રીઓને પણ ભાગ લેવા આગ્રહ રાખ્યો. ગાંધીજીના આશીર્વાદથી આ લડતમાં નવો જોમ આવ્યો.

વલ્લભભાઇએ મુંબઇ ઇલાકાના ગવર્નરને એક પત્ર લખી સરકારની જમીન મહેસૂલ નીતિને કારણે ખેડૂતોને ન્યાય આપવા નવેસરથી મહેસૂલ આકારણીની વિનંતી કરી. તેમ નહી કરાય તો ખેડૂતો સત્યાગ્રહની લડત ઉપાડશે. એવી પણ સ્પષ્ટ વાત વલ્લભભાઇએ આ પત્રમાં જણાવી દીધી. પણ ગવર્નરે તેનો કોઇ જવાબ ન આપ્યો. વલ્લભભાઇ બારડોલી પહોચ્યા અને ખેડૂતોની પરિષદ મળી અને છેવટે કાર્યકરોએ લડત શરૂ કરવાનો નિર્ણય કર્યો.x આ લડત અંગે પત્રિકા વહેંચાતી, રોજની 5000 પત્રિકાઓ વહેંચાતી. 'નવજીવન' અને 'યંગ ઇન્ડિયા' નામના સામયિકમાં પણ લડતના સમાચાર અપાતા. લડતને તોડી પાડવા સરકારે મહેસૂલ ભરવા નોટીસો કાઢી મહેસૂલ ન ભરતા જપ્તીઓ શરૂ કરી. બારડોલી તાલુકામાં 63 પટેલો અને 19 તલાટીઓએ રાજીનામાં આપ્યા. સરકારે ઉગામેલા દમનના શસ્ત્ર છતાં વલ્લભભાઇ પટેલના માર્ગદર્શનને લીધે ખેડૂતો છેવટ સુધી મક્કમ રહ્યા. મહેસૂલ વધારા અંગે તપાસ સમિતી નીમવા, જપ્તી કરેલી મિલકત આપવા અને કેદીઓને છોડી મૂકવા સરકાર સંમત થઇ. સત્યાગ્રહ સમાપ્ત થયો. તેમાં વિજય મળતાં ખેડૂતો અને અન્ય પ્રજાજનોના ઉત્સાહમાં અભૂતપૂર્વ વધારો થયો. આ લડતથી વલ્લભભાઇને ભારતના સર્વમાન્ય નેતા તરીકેનું સ્થાન મળ્યું. ગુજરાતના લોકોએ તેમનું 'સરદાર' નું ઉપનામ આપી બિરદાવ્યા. બારડોલીના આ સરદાર ત્યાર પછી ભારત આખાના સરદાર બન્યા.

દાંડીકૂચ –

દાંડીકૂચ પહેલા એક વર્ષ ગાંધીજી અને સરદાર પટેલ દેશી રાજ્યોના કાર્યકર્તાઓને ખામોશ રહેવાનું કહેતા હતા. પરંતુ બારડોલી સત્યાગ્રહ પછી રિયાસતી પ્રજામા પણ નવજાગૃતિ આવી અને રાજાઓના જૂથો સામે સત્યાગ્રહનું શસ્ત્ર ઉપાડવા માટે તેઓ થનગની રહ્યા હતા.

ગાંધીજી દાંડીકૂચની તૈયારી કરવા માંડી બીજી બાજુ સરદાર પટેલ દાંડીકૂચના માર્ગમાં આવતા ગામડા ખૂંદી વળી ભાષણો આપવા લાગ્યા. આ ભાષણોથી ભારે અસર થઇ. સરકારને પણ પગ નીચે રેલો આવતો દેખાયો. મહાત્માજીનો સત્યાગ્રહનો કાર્યક્રમ શરૂ થાય ત્યાં સુધી સરદાર વલ્લભભાઇને બહાર રાખવામાં તેમણે જોખમ જોયું અને સરદારને પકડવાનો નિર્ણય કર્યો. દાંડીકૂચના પાંચ દિવસ પહેલા સરદાર વલ્લભભાઇએ ખેડા જિલ્લાના કાર્યકર્તાઓની વિનંતીથી બોરસદ તાલુકાના કાંઠાના ગામોમાં એક સભા ભરી ઠાકરડા કોમને શાંતિથી લડતમાં હિસ્સો આપવાનો સંદેશો આપવા કંકાપુર જવા જિલ્લાના કાર્યકર્તા સાથે નીકળ્યા. રસ્તામાં રાસ ગામમાં મુકામ થયો. સવારનું ભોજન રાસ ગામમાં કરી બપોરે સભા માટે કંકાપુર જવાનો કાર્યક્રમ નક્કી થયો. રાસ ગામના લોકોએ

સરદાર પટેલને વિનંતી કરીને કહ્યું કે રાસનો એવો કયો દોષ છે કે રાસમાંથી પસાર થવાછતાં રાસમાં સભા ભરવામાં ન આવે. રાસના આગેવાન શ્રી આશાભાઇ લલ્લુભાઇને સરદાર સ્વાતંત્ર્ય અંગેની જે કસોટીઓ આપશે તેમાંથી રાસ પસાર થશે.xi રાસ ગામમાં સરદાર પટેલને ભાષણ ન કરવાની નોટીસ આપી. સરદારે એ નોટીસનો અનાદર કરવાનું જણાવ્યું કે તરત જ પોલીસોએ સરદારની ધરપકડ કરી. ત્રણ માસની સખત કેદની સજા અને પાંચસો રૂપિયા દંડ અથવા વધુ ત્રણ અઠવાડિયાની સજા ફરમાવવામાં આવી. ગાંધીજીને આ સમાચાર મળતા તેમણે જણાવ્યું કે સરકારે વલ્લભભાઇને પકડીને કાચું બાફ્યું. તેને એ જ સુઝે. આ શબ્દો ગાંધીજીના હતા, સરદારશ્રી ત્રણ માસની કેદ ભોગવી 26મી જૂને છુટ્યા. આમ, સરદાર પટેલે દાંડીકૂચમાં પણ અગત્યની ભૂમિકા ભજવી હતી.

માણસા સત્યાગ્રહ

હરિપુરામાં કોંગ્રેસના અધિવેશનથી દેશી રાજ્યોમાં પ્રજા મંડળોએ વિવિધ લડતો ઉપાડી હતી. દેશી રાજ્યોમાં ખેડૂતોને જમીન માલિકીના હક્કો નહોતા. 17મી મે, 1937ના રોજ જમીન મહેસૂલની ફેર આકારણી બદલ અમદાવાદની પૂર્વેમાં આવેલા માણસા રાજ્યમાં ખેડૂતો અને દરબારો વચ્ચે ઘર્ષણ થયું હતુ. આ બનાવને માણસા સત્યાગ્રહ કહેવાય છે. 1938ના જાન્યુઆરી માસની જમીન મહેસૂલનો ગેરવાજબી વધારો દૂર કરવાની ખેડૂતોએ માંગણી રજૂ કરી. જો વધારો દૂર ન થાય તો સત્યાગ્રહ કરવાનું નક્કી કર્યું હતું. આ બાબતમાં દસક્રોઇ તાલુકા સમિતિ તેમજ ગુજરાત પ્રાંતિક સમિતિનું માર્ગદર્શન પ્રાપ્ત થયું. સરદાર વલ્લભભાઇ ગુજરાત પ્રાંતિક સમિતિના પ્રમુખ તરીકે કાળજીપૂર્વક ધ્યાન રાખતા હતા. માણસા રાજ્યના ખેડૂતોએ જમીન મહેસૂલ ન ભરવાનો પોતાનો નિર્ણય જાહેર કરી લડતનાં મંડાણ કર્યા. રાજ્ય સાથે અહીંથી પ્રજાએ અસહકાર કર્યો. માણસા લડતના સમાચારો ગુજરાતી છાપામાં પ્રસિદ્ધ થયા. રાજ્યના વધતા જુલમ સામે લોક પ્રતિકાર વધતો જ રહ્યો. માણસાના આગેવાનોએ ગાંધીજી અને સરદાર પટેલને પત્ર લખ્યો અને આ સત્યાગ્રહની જાણ કરી અને નિષ્પક્ષ તપાસની માંગણી કરી. 'મુંબઇ સમાચારે' માણસાના સત્યાગ્રહને 'પ્રજામતના વિજય' તરીકે બિરદાવી. સરદાર વલ્લભભાઇની નેતૃત્વશક્તિના વખાણ કર્યા. સરદારે બારડોલીમાં વિજયનો વાવટો ફરકાવ્યો હતો. તેવો જ વિજયનો વાવટો ગુજરાતના માણસાનો પણ સરદારની સહાયથી ફરક્યો હતો.xii

અન્ય સત્યાગ્રહો –

સરદાર પટેલે 1938 થી 1939ના વર્ષમાં આવેલી પ્રજાકીય લડતના ઇતિહાસમાં પણ સરદાર પટેલનું મોટું પ્રદાન હતું. મોટા ભાગના

દેશી રાજ્યોએ જવાબદાર રાજ્યતંત્ર પ્રાપ્ત કરવા માટે સ્થાનિક પ્રજા પરિષદ દ્વારા આંદોલનો શરૂ કર્યા. તેમાં રાજકોટ, વડોદરા, લીંબડી, ભાવનગર વગેરે જેવા પ્રજાકીય આંદોલનોમાં સરદાર પટેલે પોતાનું નેતૃત્વ લીધું હતું. આ ઘણી બધી દેશી રાજ્યોની લડત દરમ્યાન વડોદરા, રાજકોટ અને ભાવનગરમાં સરદાર પટેલ પર જાન લેવાના ગંભીર હુમલાઓ પણ થયા. પરંતુ સરદાર ડર્યા નહી. આ આંદોલનના કારણે દેશી રાજ્યોની પ્રજામાં જાગૃતિનો જુવાળ ઊભો થયો.

સૌરાષ્ટ્રના રાજ્યોનું વિલીનીકરણ – સરદાર પટેલે ઘણા બધા પ્રયત્નો કરી સૌરાષ્ટ્રના રાજ્યોનું વિલિનીકરણ કર્યું હતું. સરદાર પટેલના હસ્તે 15 ફેબ્રુઆરી 1948ના રોજ જામનગર મુકામે સૌરાષ્ટ્રની ઉદઘાટન વિધિ થઇ. જેમાં સાહેબની રાજપ્રમુખ તરીકે, ઉછરંગરાય ઢેબરની મુખ્ય પ્રધાનતરીકે તથા અન્ય પ્રધાનોની સોગંધવિધિ કરાવવામાં આવી. સૌરાષ્ટ્રનું પાટનગર રાજકોટ રાખવામાં આવ્યું. જાન્યુઆરી 1949થી જૂનાગઢ, માણવદર, માંગરોળ, બાટવા, બાબરિયાવાડ અને સરદારગઢનું સૌરાષ્ટ્ર સાથે વિલિનીકરણ કરવામાં આવ્યું.xiii

જૂનાગઢનું વિલિનીકરણ – સરદાર વલ્લભભાઇ પટેલે 13 નવેમ્બરના રોજ જૂનાગઢની મુલાકાત લઇ બહાઉદીન કોલેજના મેદાનમાં એક વિશાળ મેદનીને સંબોધી. તે સભામાં દસ હજારથી વધુ લોકોએ પોતાના હાથ ઊંચા કરીને ભારત સાથેના જૂનાગઢના જોડાણને સંમતિ આપી. આ દરમ્યાન પાકિસ્તાનમાં ભારતના રાજદૂત શ્રી પ્રકાશને જૂનાગઢના નવાબ મળ્યા અને ભારત પાછા જવાની પરવાનગી મળે તો ભારત સાથે જોડાવા અને પૂર્ણ લોકશાહી રાજ્ય સ્થાપવાની તૈયારી દર્શાવી. પરંતુ તેમને કોઇ વચન ન આપવાની શ્રીપ્રકાશને સૂચના આપવામાં આવી. ત્યારબાદ જૂનાગઢ રાજ્યમાં 28 ફેબ્રુઆરી 1948ના રોજ લોકમત લેવામાં આવ્યો અને ઘણી મોટી બહુમતીથી લોકોએ ભારત સાથેના જોડાણને માન્ય રાખ્યું.xiv'

## સંદર્ભ સૂચિ

1. *કલાર્થી, મુકુલભાઇ, સત્યાગ્રહી સરદાર, નવજીવન પ્રકાશન મંદિર, 1975.*

2. *કાદરી, રિઝવાન, સરદાર પટેલ એક સિંહ પુરૂષ, ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ, 2003.*

3. *ગાંધી, રાજમોહન, સંઘવી નગીનદાસ (અનુવાદ), સરદાર પટેલ એક સમર્પિત જીવન, નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ, 1994.*

4. *દેસાઇ, મહાદેવભાઇ, વીર વલ્લભભાઇ, સરદાર પટેલ ટ્રસ્ટ, કરમસદ, 2000.*

5. દેસાઇ, શાંતિલાલ મ., રાષ્ટ્રનો સ્વાતંત્ર્ય સંગ્રામ અને ગુજરાત, ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ, 1999.

6. પટેલ મણીબેન વી., સરદાર વલ્લભભાઇ પટેલના લેખો, નવજીવન પ્રકાશન, અમદાવાદ, 1969.

7. પટેલ, મંગુભાઇ, યુગપુરુષ સરદાર વલ્લભભાઇ પટેલ, પાટીદાર સંશોધન ઔર પ્રકાશન ટ્રસ્ટ, અમદાવાદ, 1990.

8. પટેલ, મંગુભાઇ રા., ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામના ઘડવૈયાઓ, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ, 1994.

9. પટેલ, રાવજીભાઇ મણીભાઇ, હિંદના સરદાર, નવજીવન પ્રકાશન, અમદાવાદ, 1974.

10. પરીખ, નરહરિ ડી., સરદાર વલ્લભભાઇ પટેલ, નવજીવન પ્રકાશન, અંદાવાદ, 1956.

11. પંડ્યા, રોહિત, સાંસ્થાનિક ભારતના કિસાન આંદોલનો, યુનિવર્સિટી ગ્રંથનિર્મઆણ બોર્ડ, અમદાવાદ, 2004.

12. બારોટ, નવીનચંદ્ર એમ., મજૂર સંગઠનના પ્રણેતા સરદાર વલ્લભભાઇ પટેલ, નવજીવન પ્રકાશન, અમદાવાદ, 1997.

13. બ્રહ્મભટ્ટ, પ્રસાદ, સરદાર પ્રસંગપરાગ, ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ, 2000.

14. બિપિનચંદ્ર, ત્રિપાઠી અમલેશ, બારૂન દે (લે.) સરલા જગમોહન (અનુવાદ), સ્વાધિનતા સંગ્રામ નેશનલ બુક ટ્રસ્ટ ઇન્ડિયા, નવી દિલ્લી, 1973.

15. મહેતા, ચંદ્રવદન, નવભારત ભાગ્ય વિધાતા સરદાર વલ્લભભાઇ પટેલ, સરદાર વલ્લભભાઇ પટેલ 125મી જન્મજ્યંતિ ઉજવણી સમિતિ, ગાંધીનગર, 2000.

16. યાજ્ઞિક, હેમંતભાઇ પ્ર., આધુનિક રાષ્ટ્રના નિર્માતા સરદાર પટેલ, અમી પબ્લિકેશન, અમદાવાદ, 1991.

17. શુકલ, જયકુમાર ર., દેશી રાજ્યોનું વિલિનીકરણ, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ, 1989.

18. ત્રિવેદી, મહેશભાઇ એમ., સરદાર અને બાપુ, ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ, 2000.